
૧૦૬
૮

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

# બુદ્ધચરિત્ર

160008૪૧



સંપાદન:
ગિજુભાઈ
તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# બુદ્ધચરિત્ર

: લેખક :

ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ-૭
૧૩૬

: પ્રકાશક :

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ ૦ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

© પ્રકાશકનાં

મુદ્રણ સાતમું : જાન્યુઆરી ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[ ૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦-૦૦ ]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
પુસ્તક ૬૩ મું

# બુદ્ધચરિત્ર

અનુક્રમ


કુમારનો જન્મ . . . . . ૪

હંસની કથા . . . . . . ૬

સુખોનો ઉપભોગ . . . . . ૯

દુઃખોનું દર્શન . . . . . ૧૧

ગૃહત્યાગ . . . . . . . ૧૬

બિંબિસારના યજ્ઞમાં . . . ૧૯

તપશ્ચર્યા . . . . . . . ૨૩

સિદ્ધાર્થ બુદ્ધ થયા . . . ૨૫

છેલ્લી ભેટ . . . . . . ૨૬

જગતને ઉપદેશ . . . . . ૩૦

: ૧ :

## કુમારનો જન્મ

જૂના વખતમાં એક રાજા હતો. રાજાનું નામ શુદ્ધોદન હતું. તેનું રાજ મોટું હતું તેની પ્રજા સુખી હતી. આસપાસના બધા રાજાઓમાં શુદ્ધોદન રાજા સૌથી મોટો હતો.

આ રાજાને બે રાણી હતી. એમાં એકનું નામ માયાદેવી હતું. માયાદેવી ગુણવાન અને કુળવાન હતાં. માયાદેવી રાજા શુદ્ધોદનને બહુ વહાલાં હતાં.

રાજારાણી સુખેથી રહેતાં હતાં અને રાજકાજ કરતાં હતાં. આખી પ્રજા રાજાને આશીર્વાદ આપતી હતી કે તેને ઘેર એક પ્રતાપી કુંવર જન્મે.

અને બન્યું પણ એવું જ. વૈશાખ માસની પૂનમ અને મંગળવારને દિવસે રાણીને પેટે એક રૂપાળો કુંવર અવતર્યો.

પૂનમની ચાંદની રાતે આખી નગરીમાં આનંદ આનંદ થઈ રહ્યો. ગામનાં નરનારીઓએ ઘેરઘેર તોરણ બાંધ્યાં. રાજદરબારે નોબત ગડગડી. બંદીજનોએ રાજકીર્તનો કર્યાં ને દેવમંદિરે ઘંટનાદ થયો. આખી પ્રજાએ નવા કુંવરનો જયજયકાર ગાયો.

બીજે દિવસે રાજકચેરી ભરાઈ. કુંવરના ગ્રહો જોવા માટે મોટા મોટા પંડિતો અને જોશીઓને તેડાવ્યા હતા; નગરના મોટા મોટા શેઠસાહુકારો પણ હાજર હતા.

જોશી મહારાજે જોશ જોયા. "કાં તો કુંવર મોટો ચક્રવર્તી રાજા થશે ને કાં તો કુંવર મોટો મહાત્મા થશે. કાં તો એ રાજમહેલમાં વસશે ને કાં તો જંગલે વસશે. કાં તો સેજ-પલંગે સૂશે ને કાં તો ધરતી પર સૂશે. કાં તો તે રેશમનાં મોંઘાં કપડાં પહેરશે અને કાં તો

બંદીજનો=વખાણ કરનારા; ચારણો

ફાટલાં તૂટલાં ભગવાં પહેરશે.”

આખી કચેરી થંભી ગઈ. રાજા અને રાણી પણ વિચારમાં પડ્યાં.

એટલામાં ત્યાં એક ઋષિજી પધાર્યા. ઋષિનું નામ અસિત ઋષિ. લાંબી ધોળી દાઢી ને જટાથી ઋષિ બહુ શોભતા હતા.

ઋષિએ એ બાળક સામે જોઈને કહ્યું : “ જોશીઓના જોશ સાચા છે. કુંવર ખરેખર દુનિયાનો રાજા થશે. તેનું રાજ ધર્મનું થશે. દુનિયા તેને મોટા મહાત્મા તરીકે ઓળખશે. આવાં ભાગ્ય તો નસીબદાર રાજારાણીનાં જ હોય.”

રાજારાણી અને સૌનાં હૈયાંમાં હરખ થયો. જોશીને સરપાવ આપી વિદાય કર્યા. ઋષિનું પૂજન કરી તેમની આજ્ઞા માગી.

## : ૨ :

## હંસની કથા

કુંવરનું નામ સિદ્ધાર્થ હતું. નાનપણથી તેનું અંતર અત્યંત દયાળુ હતું. તે કદી પણ કોઈને મારતા નહિ. ઘોડા દોડાવતાં દોડાવતાં

પોતાનો ઘોડો થાકી જતો તો તે ઊભો રાખતા ને હેતથી તેને થાબડતા. અંતર એટલું બધું કોમળ કે કોઈને કદી એકે કડવું વેણ ન કહે.

સિદ્ધાર્થ એકવાર રાજબાગમાં બેઠા હતા. હોજે હોજે રંગીન માછલીઓ તરતી હતી; કુંજે કુંજે મોરકોયલ ટહુકી રહ્યાં હતાં; તળાવે તળાવે રાજહંસો તરી રહ્યા હતા, અને ઠેકાણે ઠેકાણે ફુવારા ઊડી રહ્યા હતા. કુદરતની આવી મનોહર શોભામાં કુમાર ભૂલી ગયો હતો કે પોતે ક્યાં છે. બધું જોવામાં તે તલ્લીન થઈ ગયો હતો.

ભસ કરતું કંઈ જમીન પર પડ્યું અને તે જાગી ગયો. જોયું તો પોતાની સામે એક હંસ તરફડતો હતો. હંસની છાતીમાં તીર લાગ્યું હતું અને ઘામાંથી લોહી નીકળતું હતું. હંસ બહુ પિડાતો હતો.

સિદ્ધાર્થ ઉતાવળે પગે ત્યાં ગયા. તરફડતા હંસને હળવેથી ખોળામાં લીધો ને પંપાળીને તેની છાતીમાંથી તીર ખેંચી કાઢ્યું. ઘા ઉપર

કુમાર=કુંવર

પાંદડાં બાંધ્યાં ને હંસને છાતી સરસો ચાંપી ખોળામાં સુવાડ્યો. ગાના ખોળામાં જેમ બાળક ઊંઘી જાય તેમ હંસ ઊંઘી ગયો.

એટલામાં તો પાછળથી અવાજ આવ્યો: "આપી દે મારો હંસ! એ હંસ મારો છે. મેં એને આકાશે ઊડતો હતો ત્યાંથી તીર મારી નીચે પાડ્યો છે."

સિદ્ધાર્થ આવનાર સામે ગંભીરતા અને સ્થિરતાથી જોઈ રહ્યા. એક પણ શબ્દ બોલ્યા વિના આંખથી જ કહી દીધું: "જા, પાપી! ગરીબ બિચારા પક્ષીને નાહક હણનાર! જા. એ હંસ તને નહિ મળે."

પણ આવનાર પાછો હઠ્યો નહિ. એ સિદ્ધાર્થના કાકાનો દીકરો હતો; એનું નામ દેવદત્ત હતું. મૂળથી જ તે દુષ્ટ હતો.

એણે કહ્યું: "હંસ તો મારો છે. મેં એને માર્યો છે. ન આપતો હો તો ચાલ રાજા પાસે ન્યાય કરાવીએ."

સિદ્ધાર્થ અને દેવદત્ત રાજા પાસે ન્યાય કરાવવા ગયા.

કોઈ કહે: "હંસ દેવદત્તનો છે કેમકે એણે એને માર્યો છે."

કોઈ કહે: "હંસ સિદ્ધાર્થનો છે કેમકે એણે એને જિવાડ્યો છે."

કોઈ કહે: "હંસને તો ઉડાડી મૂકવો જોઈએ. એ બિચારાને શું કામ રાખવો?"

સૌએ પોતપોતાનો વિચાર જણાવ્યો, પણ શું કરવું તેની સૂઝ પડતી ન હતી. એટલામાં એકાએક એક ઋષિ આવ્યા ને કહ્યું: "હંસ તો સિદ્ધાર્થનો કહેવાય. હંસને જે બચાવે છે તે તેનો ધણી છે; એની જે હત્યા કરે છે તેને હંસ ના અપાય!"

આમ કહી ઋષિ ચાલ્યા ગયા ને સૌએ હંસ સિદ્ધાર્થને આપ્યો.

: ૩ :

## સંસારનાં સુખોનો ઉપભોગ

સિદ્ધાર્થને માટે રાજાએ ત્રણ મહેલો બંધાવ્યા હતા. એક મહેલ ઉનાળા માટે, બીજો શિયાળા માટે અને ત્રીજો ચોમાસા માટે.

સિદ્ધાર્થને રાજા એવી રીતે રાખે કે દુનિયામાં દુઃખ છે એની એને ખબર જ ન પડે. કોઈ માંદા માણસને, કોઈ દુઃખી માણસને કે કોઈ ઘરડા માણસને રાજા મહેલ તરફ આવવા જ ન દે. સિદ્ધાર્થને મહેલોમાં અને આસપાસના બાગબગીચાઓમાં ખાવાનું, પીવાનું, હરવાનું, ફરવાનું ને મજા જ કરવાની. કેટલા ય બધા નોકરો હાજર હોય. ગાનતાન ચાલ્યા જ કરે. અત્તરગુલાબના ફુવારા ઊડ્યા જ કરે. ચારેકોર આનંદ, આનંદ અને આનંદ! આવા આનંદ અને સુખભર્યા મહેલમાંથી સિદ્ધાર્થને બહાર જવાનું કે શહેરમાં જવાનું મન જ ન થાય.

સિદ્ધાર્થ યશોધરા રાણીને પરણ્યો હતો. યશોધરા બહુ રૂપાળી અને હેતાળ હતી. તેમને એક પુત્ર પણ થયો હતો. એમણે એનું નામ રાહુલ પાડેલું. રાહુલ માતા અને પિતાને બહુ વહાલો હતો.

કુમાર સિદ્ધાર્થ, યશોધરા ને રાહુલ, ત્રણેનું સુખ સીમા વિનાનું હતું. દેવો પણ એની અદેખાઈ કરે તેવું હતું. દુનિયાનું બધું સુખ

જાણે અહીં જ આવીને વસ્યું હતું. કોઈને સ્વપ્ને ય ખબર ન પડે કે આવાં સુખોનો પણ અંત આવશે.

: ૪ :

## દુઃખોનું દર્શન

એક દિવસ સિદ્ધાર્થને શહેર જોવાની મરજી થઈ.

રાજા શુદ્ધોદનના મનમાં ફાળ પડી. રખે ને કુંવર દુઃખી માણસોને દેખી જાય ને તેના મનમાં દુઃખ ઊપજે! રખે ને કુંવરનાં મનમાં દુઃખ ઊપજે ને એ સુખને છોડી ચાલ્યો જાય —રાજપાટ છોડી સાધુ થાય! રાજાએ એવો હુકમ કઢયો કે કોઈ પણ રોગી માણસ, કોઈ પણ ઘરડું માણસ કે કોઈ પણ મુડદું રસ્તે કુમારની નજરે પડવું ન જોઈએ.

ગામના લોકોએ શહેરને ભારે શણગાર્યું હતું. ઠારઠાર આશોપાલવ અને આંબાનાં તોરણો બાંધ્યાં હતાં. ચોકેચોકે પાણી છંટાયાં હતાં ને તે ઉપર રાંગોળી પુરાઈ હતી. ચૌટે-

ચૌટે લત્તાઓના મંડપો રચાયા હતા. ગોખે-ગોખે નગરનારીઓ હાથમાં ફૂલો લઈને બેસી ગઈ હતી. ઘરને ઓટલે ઓટલે કુમારિકાઓ કુંવરને કુંકુમનો ચાંદલો કરવા ઊભી હતી. હાથમાં થાળ અને મહીં કંકાવટી ને ચોખા હતાં. ઠેકાણેઠેકાણે નોબતનિશાન ગડગડી રહ્યાં હતાં. આજે શુદ્ધોદન રાજાનો સિદ્ધાર્થ કુમાર શહેર જોવા આવવાનો હતો.

કુમાર રથમાં બેસી નગર જોવા નીકળ્યા. સારથિ છન્ન રથ હાંકતો હતો. નગરની શોભા જોઈ કુમારનું મન હરખી ઊઠ્યું. " અહા, કેવું સુંદર નગર ! કેવાં રૂપાળાં નરનારીઓ ! કેટલાં બધાં આનંદમાં ને કેટલાં બધાં સુખી ! "

સુખના વિચારમાં સિદ્ધાર્થ તલ્લીન હતો.

પણ અરે ! એની નજરે આ શું દેખાયું ? કેડથી બેવડ વળી ગયેલો, શરીરે સુકાઈ ગયેલો, ઊંડી ગયેલી આંખોવાળો ને પૂણી જેવા ધોળા વાળવાળો આ કોણ હશે ?

સિદ્ધાર્થ ચમકી ગયો. તુરત તેણે સારથિ

સારથિ=રથ હાંકવાવાળો

છન્નને પૂછ્યું : "છન્ન ! આ કોણ છે ? એ આવો કેમ દેખાય છે ?"

છન્ને કહ્યું : "કુમાર ! એ ઘરડો માણસ છે. એક વાર એ પણ પ્રિય રાહુલ જેવો નાનો બાળક હતો; પછી તે મારા જેવો જુવાન થયો; હમણાં તે વૃદ્ધ થયો છે."

સિદ્ધાર્થે પૂછ્યું : "એમ કેમ ?"

છન્ને કહ્યું : "કુમાર ! એમ જ હોય; એવો જ નિયમ."

સિદ્ધાર્થ કહે : "ત્યારે રાહુલ શું આવો ઘરડો થશે ? હું અને તું પણ આવા ઘરડા થઇશું ? આમ લાકડીને ટેકે જ ચાલવું પડે તેવા ? આવા, શરીરે ચામડી લબડે છે એવા ? આવા, નાક અને આંખમાંથી પાણી ચાલ્યાં જાય છે એવા ?"

છન્ન કહે : "હા કુમાર! આવા જ થઇશું."

સિદ્ધાર્થ ગંભીર વિચારમાં પડી ગયો; તે કશું બોલ્યો નહિ.

રથ આગળ ચાલ્યો.

રસ્તે એક રોગી માણસ જતો હતો.

બિચારો શરીરે સડી ગયો હતો; પાસપરુની શરીરમાંથી દુર્ગંધ નીકળતી હતી. સાવ ફિક્કો અને અશક્ત હતો.

સિદ્ધાર્થે પૂછ્યું : "છન્ન ! આને વળી શું થયું છે ?"

છન્ને કહ્યું : "કુમાર ! એ રોગી છે. એનું શરીર એક વાર તો મજબૂત હતું; સોના જેવું રૂપાળું હતું; ધમધમ ચાલતું હતું. પણ...."

સિદ્ધાર્થ અધીરો થઈ બોલ્યો : "ત્યારે આ મારા શરીરમાં પણ આવો રોગ આવી શકે ? આવી ફિક્કાશ આવી શકે ? શરીરમાંથી આવી દુર્ગંધ પણ નીકળી શકે ?"

છન્ન કહે : "હા કુમાર ! જેને શરીર હોય તે બધાંને રોગો થાય ને આવું પણ થાય."

સિદ્ધાર્થ ઊંડા વિચારમાં પડી ગયો. તે મનમાં મનમાં વિચાર કરવા લાગ્યો : "વખતે આપણને પણ આવો રોગ થાય તો ?"

એટલામાં રડવાનો અવાજ સંભળાયો ને સિદ્ધાર્થે ઊંચે જોયું. મુડદું ઊંચકીને લોકો જતા હતા. સિદ્ધાર્થ જોઈ જ રહ્યો. તે કશું ય

સમજી ન શકયો. તેને થયું : "માણસને આમ શા માટે ને ક્યાં લઈ જતા હશે?"

છન્ને સિદ્ધાર્થની મૂંઝવણ સમજીને કહ્યું: "કુમાર! એ મુડદું છે. એક વાર આપણી જ જેમ બધી રીતે એ માણસ જીવતો હતો. હમણાં તે મરી ગયો છે; એનામાંથી જીવ ચાલ્યો ગયો છે. એને હવે બાળી દેશે."

સિદ્ધાર્થ હબકી ગયો ને બોલ્યો: "હેં! બાળી દેશે? માણસને બાળી દે?"

છન્ન કહે: "હા, કુમાર! મૂએલ માણસને બાળી દેવાનો. ન બાળે તો સડે ને ગંધાય."

સિદ્ધાર્થે પૂછ્યું: "એટલે?"

છન્ન કહે: "એટલે એમ કે માણસ માત્ર એક વાર મરી જ જાય. ખાવુંપીવું, હરવુંફરવું, બધું બંધ થઈ જાય. શરીર રહે ને શ્વાસ શ્વાસ ચાલ્યો જાય. પછી શરીર તો સડે જ."

સિદ્ધાર્થના મનમાં કાંઈનું કાંઈ થઈ ગયું. તેની છાતી ભીંસાવા લાગી. તે મૂંઝાઈ ગયો. નિશાની કરી સિદ્ધાર્થે રથ પાછો વળાવ્યો ને મહેલે આવ્યો.

: ૫ :

## ગૃહત્યાગ

સિદ્ધાર્થ ઘેર આવ્યો પણ કોઈ રીતે ચેન પડે નહિ. એને ખાવું ભાવ્યું નહિ, પીવું ભાવ્યું નહિ; યશોધરા સાથે બોલવું કે રાહુલ સાથે હસવું પણ ગમ્યું નહિ. તેની આંખ આગળથી પેલા ત્રણ દેખાવો ખસતા જ ન હતા.

યશોધરા ને રાહુલ તો ઊંઘી ગયાં પણ સિદ્ધાર્થને કેમે કરી ઊંઘ ન આવે. તે એકલો એકલો બાગમાં ફરવા લાગ્યો. તારાને, આકાશને, ઝાડને, મનને પૂછવા લાગ્યો : " હવે શું કરવું ? દુનિયાનાં આ દુઃખો માટે શું કરવું ? ક્યાં જવું ? "

એકાએક તેના મનમાં ઊગી આવ્યું : " બસ, રાજપાટ છોડીને જંગલમાં ચાલ્યા જવું. આ બધાં તો ઘડીકનાં સુખો છે. સાચું સુખ શું છે તે શોધી કાઢવું; દુનિયાનાં દુઃખો કેમ દૂર થાય તે ખોળી કાઢવું. "

સિદ્ધાર્થ ઊઠ્યો. મનને મજબૂત કર્યું. રાજપાટનાં સુખોનો વિચાર, સિંહ પોતાની

કેશવાળી પર પડેલ પાણીને ખંખેરી નાખે તેમ ખંખેરી નાખ્યો. યશોધરા ને રાહુલ જાગે નહિ તેમ ધીમે પગલે તેમની પાસે ગયો. મા-દીકરો ભરઊંઘમાં સૂતાં હતાં. રાહુલનો નાનકડો હાથ યશોધરાની છાતી ઉપર પડ્યો હતો.

યશોધરા સિદ્ધાર્થને બહુ વહાલી હતી, ને તેથી યે વહાલો તેનો પુત્ર રાહુલ હતો. એને છોડીને જંગલમાં જવું કેટલું બધું આકરું ?

તે રાહુલને અને તેની બાને જોઈ રહ્યો. તેની આંખમાંથી આંસુની ધાર ચાલી. પણ શું થાય ? જંગલમાં જવું હતું તે પણ નક્કી જ હતું. જંગલમાંથી પોતાને જાણે કોઈ બોલાવતું હોય એમ થતું હતું.

સિદ્ધાર્થે આંસુ લોહ્યાં; છાતી કઠણ કરી; વહાલી યશોધરા અને રાહુલ ફરતો ત્રણ વાર ફર્યો ને યશોધરાને પગે લાગ્યો. રાહુલને છેલ્લી બચી ભરવાનું મન તો થયું પણ એ જાગી જવાની બીક લાગી; બચી ન ભરી. દૂરથી અને મનમાં જ બચી ભરીને મહામહેનતે ઓરડામાંથી તે બહાર નીકળ્યો.

બહાર જઈને સારથિ છન્નને જગાડ્યો ને રથ જોડાવ્યો. રથમાં બેસી તે ચાલી નીકળ્યો. અંધારી રાત્રે તે ચાલી નીકળ્યો; રાજપાટ છોડી તે ચાલી નીકળ્યો; રાહુલ ને યશોધરાને છોડી તે ચાલી નીકળ્યો. કોઈ સાચું સુખ શોધવા કેટલાં યે સુખોને છોડી ચાલી નીકળ્યો.

જાણે કે આકાશના તારા બોલતા હતા : "જરૂર, એનો મનોરથ પાર પડશે. રાજપાટ છોડીને જનારો સિદ્ધાર્થ દુનિયાનો રાજા થશે!"

રથ રાત આખી ચાલ્યા કર્યો. સવાર પડ્યું ત્યાં તો તેઓ રાજનગરથી કેટલે ય દૂર નીકળી ગયા.

રસ્તે એક પારધિ મળ્યો. તેની પાસેથી સિદ્ધાર્થે છરી માગી લીધી. એ છરી વડે તેણે પોતાના વાળનાં સુંદર જુલફાં કાપી નાખ્યાં. ઘૂંચળાવાળા વાળથી શોભીતો રાજકુંવર બદલાઈ જ ગયો. કિંમતી રેશમી કપડાં અને ઘરેણાં તેણે એક પછી એક ઉતારીને છન્નના હાથમાં આપ્યાં. "લે, છન્ન! આ રાજકુંવરનો

પારધિ=શિકારી

વેશ; પિતાને એ સોંપી દેજે. મને હવે એ ન શોભે. હું હવે રાજકુંવર નથી પણ સાધુ છું. મને તો ભગવું લૂગડું જ શોભે!"

છન્નની આંખો આંસુથી ઊભરાઈ ગઈ.

સિદ્ધાર્થે ભગવાં લૂગડાં પહેર્યાં ને છન્નની રજા લેતાં કહ્યું: "છન્ન! જા, રાજ્યમાં પાછો જા. રડ નહિ. પિતાજીને ને યશોધરાને કહેજે કે સાચું સુખ હાથ લાગશે ત્યારે સિદ્ધાર્થ પાછો આવશે. રાહુલને સૌ સાચવજો; રાહુલ બહુ નાનો છે."

છંન્ન કંઈ જ બોલી શક્યો નહિ. રડતો રડતો તે નીચે બેસી ગયો.

રાહુલને છોડી કુમાર સિદ્ધાર્થ ચાલી નીકળ્યો. સાધુવેશે તે ભટકવા લાગ્યો.

: ૬ :

## રાજા બિંબિસારના યજ્ઞમાં

એક વાર એક ભરવાડ ઘેટાંબકરાંનું ટોળું ઉતાવળો ઉતાવળો હાંકીને શહેર તરફ જતો હતો. વખત બપોરનો હતો. બધાં ઘેટાં ઉપર

સિંદૂરનાં નિશાનો હતાં.

સિદ્ધાર્થે પૂછ્યું : "અરે ભાઈ! સાંજને બદલે ખરે બપોરે આ ઘેટાંઓને દોડાવીને ક્યાં જાઓ છો ?"

ભરવાડે કહ્યું : "રાજા બિંબિસારને ત્યાં આજ યજ્ઞ છે. ઘણો મોટો યજ્ઞ છે. આજે એનો છેલ્લો દિવસ છે. આજે આ ઘેટાંઓનું યજ્ઞમાં બળિદાન દેવાનું છે."

આ સાંભળી સિદ્ધાર્થ તો દિંગ જ થઈ ગયો. તેના હૃદયમાં કાંઈનું કાંઈ થવા લાગ્યું. તેના અંતરમાં પીડા થવા લાગી : "અરેરે ! આટલા બધા જીવોને એક યજ્ઞ માટે મારી નાખવાના ? આ બિચારા જીવોને કેટલું બધું દુ:ખ થશે ? ચાલ જાઉં, એમને છોડાવાય તો છોડાવું."

એક ઘેટું બિચારું લંગડું હતું. તે કેમે ચાલી શકતું ન હતું; ભરવાડ તેને લાકડીના ઘોંકા મારી ચલાવતો હતો. સિદ્ધાર્થથી તે જોવાયું નહિ, તેથી તેણે તેને ઊંચકી લીધું.

ભરવાડની પાછળ કાંધે ઘેટું લઈ સિદ્ધાર્થ

ચાલવા માંડ્યો.

રાજા બિંબિસારને મહેલે મોટો જબરો યજ્ઞમંડપ ઊભો કર્યો હતો; દેશેદેશના બ્રાહ્મણોને બોલાવ્યા હતા. મોટા મોટા અગ્નિકુંડોમાં અગ્નિ હડહડ બળતો હતો અને બ્રાહ્મણો જોરજોરથી મંત્રો બોલતા હતા.

બરાબર છેલ્લી આહુતિને વખતે જ ઘેટાં લઈને ભરવાડ આવી પહોંચ્યો. રાજા આહુતિ આપવા ઊભો થઈ રહ્યો હતો; મોટા કુંડનો અગ્નિ ભભૂકી રહ્યો હતો; પાસે જ ઘેટાંને કાપવાનો થાંભલો લોહીથી ભીનો હતો; તેની પાસે ઘેટાંને મારવા માટે હાથમાં ચકચકતી છરી લઈને મારો ઊભો હતો. દરેક ઘેટાને ફૂલની માળાથી શણગાર્યું હતું ને તેને કપાળે સિંદૂરનો ચાંદલો કર્યો હતો.

પહેલું ઘેટું થાંભલા પાસે આવ્યું ને મારાએ છરી ઉગામી. એક પળવારમાં જ તીણી ધારવાળી છરી એ ઘેટાંનું માથું કાપી નાખત, પણ ત્યાં તો પાછળથી અવાજ આવ્યો : "સબૂર, સબૂર ! એ ઘેટાને નહિ મરાય; યજ્ઞમાં

આહુતિ નહિ અપાય !"

રાજા, બ્રાહ્મણો અને આખી સભા થંભી ગઈ. મારાના હાથમાંથી છરો પડી ગયો.

"આ કોણ? આ સાધુવેશધારી અહીં કોણ? એને ખભે આ ઘેટું શા માટે છે?"

સિદ્ધાર્થે રાજા સામે આંખ ફેરવી કહ્યું : "ઓ રાજા બિંબિસાર! આ તને શું સૂઝ્યું? આ બિચારાં ગરીબ ઘેટાંઓને શા માટે મારે છે? શું દેવોને લોહી ચડાવવાથી પુણ્ય થાય છે? લોહી માગે તે શું દેવો કહેવાય? આપણો જીવ જેવો આપણને વહાલો છે તેવો જ બાપડો આ ઘેટાંને એનો જીવ વહાલો નથી શું? આ છરી લાગતાં એને કેવું થતું હશે? રાજન્! કોઈને મારી નાખવાથી કદી દેવ પ્રસન્ન થતા હશે શું? જવા દે, ઓ રાજા! આ ઘેટાંને. બંધ કર, ઓ રાજા! આ યજ્ઞને. રજા આપી દે, ઓ મહારાજ બિંબિસાર! આ બ્રાહ્મણોને. ધર્મનો સાચો રસ્તો હિંસા નથી."

સિદ્ધાર્થને રાજા પગે પડ્યા. હાથ ઝાલી તેમને પોતાને સિંહાસને બેસાડ્યા; યજ્ઞ બંધ

કર્યો ને ઘેટાંઓને છોડીને મૂક્યાં. તે દિવસથી આખા રાજ્યમાં આવા યજ્ઞો બંધ થયા.

રાજા બિંબિસારે સિદ્ધાર્થને પોતાના રાજમાં રોકવા ઘણી વિનતિ કરી પણ તે તો ત્યાંથી ચાલી નીકળ્યા.

: ૭ :

## તપશ્ચર્યા

હજી સિદ્ધાર્થને સાચું સુખ હાથ લાગ્યું ન હતું. તે માટે તેઓએ મોટું તપ આદર્યું. પદ્માસન વાળી સ્થિર થઈને બેઠા. આંખો બંધ કરી, ખાવુંપીવું બધું બંધ કર્યું, અને મનમાં મનમાં વિચાર કરવા લાગ્યા. સિદ્ધાર્થે ભૂખ, ટાઢ, તડકો, વરસાદ ખૂબ વેઠ્યાં; તપને લીધે તેમનું શરીર સાવ દૂબળું થઈ ગયું, તદ્દન શક્તિ વિનાનું થઈ ગયું. એક રાજાના કુંવરની આવી સ્થિતિ થઈ ગઈ. એક દિવસ તો તે બેભાન થઈ ગયા, અને જમીન ઉપર ઢળી પડ્યા. એટલામાં એક ભરવાડનો છોકરો આવ્યો. આવા તપસ્વીને જોઈ તેને દયા આવી. તેણે

ઝાડની ડાળો કાપી આસપાસ ખોડી તેના પર છાંયો કર્યો અને ગાય લાવી તેની દૂધની સેડો તેના મોંમાં પાડી. માથે છાંયો થતાં અને થોડું દૂધ પેટમાં જતાં સિદ્ધાર્થને ભાન આવ્યું. ભરવાડના છોકરાને સિદ્ધાર્થે આશીર્વાદ આપ્યો.

સિદ્ધાર્થે વિચાર કર્યો : " એકલું તપ કરવાથી તો કાંઈ વળ્યું નહિ. ભૂખ્યા બેઠા રહેવાથી કે તડકે તપવાથી તો શરીર સુકાય છે ને બેભાન થવાય છે. એમાંથી કાંઈ સાચી વાત જડતી નથી. માટે હવે એ માર્ગ છોડી દઉં અને મનને શાંત કરું. મનમાં કેટલા બધા વિચારો આવે છે તે ન આવવા દઉં ને સાચું સુખ શામાં—રાજા થવામાં કે સાધુ થવામાં, પૈસાદાર થવામાં કે ગરીબ રહેવામાં, તપ કરવામાં કે મોજ કરવામાં—રહેલું છે તેનો ઊંડો વિચાર કરું. "

પોતે એક ઝાડ નીચે બેઠા. મન શાંત હતું. મોઢા ઉપર તેજ હતું. એકાદ વનના દેવ જેવા શોભતા હતા.

ત્યાં એક સ્ત્રી આવી; ભરવાડની સ્ત્રી હતી.

નામ સુજાતા. આવીને તેણે દૂધપાક સિદ્ધાર્થ સામે મૂક્યો ને વિનતિ કરી: "વનદેવ! મારા પર દયા કરી આ દૂધપાક આરોગો. મેં વનદેવની માનતા કરી છે. મને વનદેવની માનતાથી પુત્ર થયો છે. આપ મારી માનતા પૂરી કરાવો."

સિદ્ધાર્થને બહુ આશ્ચર્ય થયું. તેણે કહ્યું: "બાઈ! હું વનદેવ નથી પણ એક સાધુ છું. હું એક મનુષ્ય છું. તપ કરવા હું આ તરફ નીકળ્યો છું."

પણ સુજાતાએ ઘણા પ્રેમથી સિદ્ધાર્થને દૂધપાક જમાડ્યો. સિદ્ધાર્થે તેને આશીર્વાદ આપ્યા ને સુજાતા પોતાને ઘેર ગઈ.

: ૮ :

## સિદ્ધાર્થ બુદ્ધ થયા

સિદ્ધાર્થ ધ્યાન ધરવા બેઠા. પૂનમની રાત હતી; ચાંદની ખીલી હતી. આખું વન શાંત અને ગંભીર હતું. મંદમંદ મીઠો શીતળ પવન

બુદ્ધ = જ્ઞાન પામેલા

વહેતો હતો.

કુમાર સિદ્ધાર્થ ધ્યાનમાં બેઠા હતા. એ તો ધ્યાનમાં બેઠા તે બેઠા. રાતનો પહેલો પહોર ગયો; બીજા પહોર ગયો; ત્રીજો ને ચોથો પહોર પણ ગયો. પરોઢિયું થયું ને સિદ્ધાર્થ ધ્યાનમાંથી જાગ્યા. મોં ઉપર શાંતિ હતી; મન ખૂબ સ્થિર હતું. મંદમંદ ને મધુર મધુર તે હસતા હતા. તેની આસપાસ નાનાં નાનાં પક્ષીઓ કિલકિલાટ કરતાં હતાં. હરણને બીજા પ્રાણીઓ પાસે આવી ઊભાં હતાં. ઝાડ હળુહળુ ડોલતાં હતાં. પૂર્વમાં ધીમે ધીમે સૂર્યનારાયણ દેખાતા હતા.

આજે સિદ્ધાર્થને જે જોઈતું હતું તે મળી ગયું હતું. જાણે પોતે ઊંઘમાંથી જાગ્યા હોય તેમ લાગ્યું. તે પ્રસન્ન હતા.

: ૯ :

## છેલ્લી ભેટ

તેઓ ત્યાંથી પાછા ફર્યા. તેનું નામ બદલાઈ ગયું. હવે તેને સૌ ભગવાન બુદ્ધ

પ્રસન્ન = રાજી; આનંદમાં

કહેવા લાગ્યા. ખરેખર ભગવાન હોય એમ જ સૌને ભાસ થવા લાગ્યો. તેઓ ઠેરઠેર લોકોને સાચી વાત શી છે તે કહેવા લાગ્યા. લોકો તેની પાછળ ગાંડા ગાંડા થઈ ભમવા લાગ્યા. કોઈ ઘરબાર છોડી, કોઈ ધનમાલ છોડી, કોઈ સ્ત્રીછોકરાં છોડી તેની સાથે સાધુ થઈ ચાલી નીકળ્યા. જોતજોતામાં કેટલા યે સાધુ વધી ગયા.

હવે તો સાચી વાત હાથ આવી હતી. એટલે તેઓ પોતાના રાજ તરફ જવા નીકળ્યા. યશોધરા અને રાહુલને જોવાનું તેમને મન થયું હશે. યશોધરા ને રાહુલ અત્યાર સુધી એકલાં એકલાં રહ્યાં હતાં. રાજમહેલમાં રહેતાં હતાં પણ તેમને કંઈ સુખ લાગતું ન હતું. સિદ્ધાર્થ વિના માદીકરો દુઃખી હતાં.

એક દિવસ રાજા શુદ્ધોદનને ખબર મળ્યા કે કુમાર સિદ્ધાર્થ પાછા આવે છે. કેટલો બધો હર્ષ એને થયો હશે? યશોધરા અને રાહુલના મનમાં શું શું થયું હશે?

આખું રાજ્ય ધામધૂમથી ગાજી રહ્યું. શોભા-શણગારનો તો ક્યાંઈ પાર ન રહ્યો.

નોબત-શરણાઈ પરોઢિયેથી ગડગડવા લાગી. આજે શુદ્ધોદન રાજાના કુંવર રાજધાનીમાં પાછા પધારે છે.

આખું નગર કુંવરને સામૈયે ગયું. હાથી, ઘોડા, વેલ, પાયદળ, ગાડીઓ વગેરે લઈને રાજા શહેર બહાર આવ્યો: પોતાના પ્રિય પુત્રને મળવા આવ્યો.

સૌ મળવા તો આવ્યા હતા કુમાર સિદ્ધાર્થને-રાજાના કુંવરને. પણ ત્યાં કોઈ રાજાનો કુંવર ન હતો; ત્યાં તો પીળાં લૂગડાં પહેરેલો, હાથમાં કમંડળવાળો ને માથે મૂંડો કરાવેલ અતિ કાંતિવાળો સાધુપુરુષ હતો.

તેની સાથે કેટલા યે સાધુઓ હતા.

સાધુ થયેલ સિદ્ધાર્થે દૂરથી પિતાને જોયા. પ્રેમથી તે પિતાને પગે લાગ્યા. પિતાની આંખમાંથી હરખનાં આંસુ સરી પડ્યા. ઘણે વર્ષે પોતાનો વહાલો પુત્ર ફરી મળ્યો હતો !

પુત્રને લઈ પિતા મહેલે આવ્યા. સિ ાર્થ પોતાની વહાલી યશોધરા તથા પ્રિય પુત્ર રાહુલને મળવા ગયા. યશોધરા વર્ષોથી એક વખત

જમતી, ધોળાં કપડાં પહેરતી ને સિદ્ધાર્થનું નામ જપતી હતી.

સિદ્ધાર્થ સાધુવેશે હતા, ને યશોધરા સતી-વેશે હતી. યશોધરા અને સિદ્ધાર્થ એકબીજાંને મળ્યાં. હિમાલય ઓગળે એમ બંનેનાં હૈયાં ઓગળી ગયાં. બંનેની આંખોમાં આંસુનાં પૂર આવ્યાં. આજે કેટલા-ય વખતે યશોધરા અને સિદ્ધાર્થનો મેળાપ થયો હતો.

ત્યાં કુમાર રાહુલ આવ્યો. સાધુ પિતાને તે ઓળખી પણ ન શક્યો. પણ સિદ્ધાર્થે લાડથી તેને પાસે લીધો, હેત કરી ખોળે બેસાડ્યો ને મમતાથી તેને માથે હાથ ફેરવ્યો.

આજે રાહુલ, યશોધરા અને સિદ્ધાર્થના સુખનો પાર ન હતો.

થોડા દિવસ સિદ્ધાર્થ ત્યાં રહ્યા ને સૌને સાચા સુખની વાતો સંભળાવી.

રાજાએ રાજગાદી આપવા ને રાજ કરવા ઘણું કહ્યું પણ સિદ્ધાર્થે તેની ના પાડી. તેણે કહ્યું : "આ આખી દુનિયાનાં રાજ્ય કરતાં મારું વનનું રાજ મોટું છે. દુનિયાનાં સુખો કરતાં

મારું સુખ મોટું છે. દુનિયાની બધી વસ્તુઓ કરતાં મારી પાસે જે છે તે વધારે કિંમતી છે.”

## : ૧૦ :

## જગતને ઉપદેશ

સિદ્ધાર્થ ત્યાંથી હાથમાં કમંડળ લઈને ચાલી નીકળ્યા. પિતા તો રાજ કરવા રહ્યા પણ યશોધરા અને રાહુલનું શું થયું?

યશોધરાએ રાજનાં સુખો છોડી દીધાં. રાહુલ કહે: “હું તો મારા પિતા સાથે જ જવાનો.” માતા અને પુત્ર બંને સાધુ થઈ સિદ્ધાર્થની સાથે ચાલી નીકળ્યાં.

પછી સાધુવેશે સિદ્ધાર્થ દેશપરદેશ ફર્યા. સૌને ખરું સુખ ક્યાં છે તે સંભળાવ્યું. કેટલા યે લોકો તેની પાછળ સાધુ થયા; કેટલા યે લોકોને સાચા સુખનો માર્ગ જડી ગયો.

જેને બુદ્ધ ભગવાન કહે છે તે જ કુમાર સિદ્ધાર્થ, અને તેમની જ આ કથા.

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૮૦ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

| | |
|---|---|
| ૧ ગણપતિ બાપા | ૧૯ ગધેડું |
| ૨ ચેલૈયો | ૨૦ ચીડિયાખાનું |
| ૩ ઊભું હતું, ઊભું હતું | ૨૧ મહાસભાઓ |
| ૪ હજામડી | ૨૨ કહેવતોનાં મૂળ |
| ૫ કબાટ | ૨૩ ગપગોળા |
| ૬ બાળકોનો બીરબલ-૧ | ૨૪ આફ્રિકા સાંભર્યું |
| ૭ ગોપીચંદ | ૨૫ શબ્દપોથી |
| ૮ બાળનાટકો–૧ | ૨૬ વાક્યપોથી |
| ૯ હંસ અને હંસા | ૨૭ ચિઠ્ઠીપોથી |
| ૧૦ તીરંદાજ | ૨૮ નાના પાઠો |
| ૧૧ ગામડામાં મળજો | ૨૯ મોટા પાઠો |
| ૧૨ બાળપ્રવાસો | ૩૦ નાની વાતો |
| ૧૩ મારા ગોઠિયા | ૩૧ ઘરમાં |
| ૧૪ જરા હસો | ૩૨ આંગણામાં |
| ૧૫ ક્યાંથી આવ્યાં | ૩૩ શેરીમાં |
| ૧૬ મકનો ને રાક્ષસ | ૩૪ બાળશાળામાં |
| ૧૭ રૂપસિંહ ને રામસિંહ | ૩૫ ગામમાં |
| ૧૮ ટપાલની પેટી | ૩૬ ફરવા જઈએ |

## શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો


૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા!
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાળ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છોટાં રે'જો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ–ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

**સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય**

| | | | | |
|---|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ | ... | ... સેટના | ... | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ | ... | ... ,, | ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) | ... | ,, | ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) | ... | ,, | ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) | | ,, | ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) | | ,, | ... | ૨૩-૫૦ |

| | |
|---|---|
| કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦ |
| રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે) |

**શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત**

| | | | | |
|---|---|---|---|---|
| મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) | ... | સેટના | ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) | ... | ,, | ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | | ,, | ... | ૫-૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦ |

**શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત**

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦ |
| સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦ |

**પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ**

| | | | |
|---|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર | ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ ( સચિત્ર ૧૦ પુસ્તકો ) | ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ | ... | ,, | ૧૪-૫૦ |
| સાહસકથાઓ ( ૨૫ પુસ્તકો ) | ... | ,, | ૧૦-૦૦ |

**આર. આર. શેઠની કં** મુંબઈ-૨ અમદાવાદ-૧

મુદ્રક શ્રી પ્રવીણ પ્રિન્ટરી